# વાર્ષિક પરીક્ષા મહિલામંડળ નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ • સમય: સવારે ૯ થી ૧૨ • શ્રેણી: ૧૯ • ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ સામાયિક-પ્રતિક્રમણ અને કર્મગ્રંથ - ૨ના આધારે જવાબ લખો : ૨૦**

**જ: સાથે**

**અ)** ૧) નીચેના શબ્દો સામાયિક કે પ્રતિક્રમણના કયા પાઠમાં આવે છે ? પાઠનું નામ લખો. **(૪)**

| | | | | |
|---|---|---|---|---|
| જાડી | - | પ્રતિક્રમણમાં | - બીજા ખામણામાં |
| છોડી | - | પ્રતિક્રમણમાં | - ત્રીજા અદત્તાદાન વ્રતમાં |
| આમોસે | - | પ્રતિક્રમણમાં | - પહેલા શ્રમણ સૂત્રમાં |
| ૪૭ | - | પ્રતિક્રમણમાં | - ૪અને ૫ માં ખામણામાં |
| ઇશ્વર | - | પ્રતિક્રમણમાં | - પહેલા ખામણામાં |
| તલાગ | - | પ્રતિક્રમણમાં | - સાતમા (ઉપયોગ પરિભોગ) વ્રતમાં |
| ૮૦ | - | પ્રતિક્રમણમાં | - બીજા ખામણામાં |
| નામધેયં | - | સામાયિકના સાતમા | - નમોત્થુણં ના પાઠમાં |

૨) ઉપભોગ - પરિભોગની વ્યાખ્યા લખો તેની મર્યાદાના ૨૬ બોલમાંથી ઉવભોગ - પરિભોગના બે બે મૂળ શબ્દો અર્થ સાથે લખો. **(૪)**

**જ:** ૨) ઉપભોગ એટલે એક વાર ભોગવાય એવી વસ્તુ. પરિભોગ વારંવાર ભોગવી શકાય એવી વસ્તુ. ઉવભોગની વસ્તુ - જમણાવિહિં, પાણીયવિહિં, મુહવાસવિહિં આદિ. પરિભોગની વસ્તુ - વત્થવિણં, આભરણ વિહિં, વાહણ વિહિં આદિ

૩) કયા વ્રતનો કયો અતિચાર લાગે ? **(૨)**

૧) પદ્માવતી રાણીને અઢાર સરા હાર પ્રત્યે અતિ આસક્ત ભાવ હતો.

**જ:** ૧) અઇરત્તે - આઠમાં વ્રતનો અતિચાર

૨) ઇન્કમટેક્ષ બચાવવા બે નંબરના ચોપડા રાખ્યા હોય.

**જ:** ૨) કુડલેહકરણે - બીજા વ્રતનો અતિચાર

**બ) કર્મગ્રંથ :**

૧) ત્રણ વેદનો બંધ કયાં સુધી થાય ? બંધવિચ્છેદ કયાં થાય ? **(૨)**

**જ:** ૧) પુરુષ વેદ- ૧) નવમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી બંધ ૨) નવમા ગુણસ્થાનકના પહેલાના છેડે બંધ વિરછેદ

સ્ત્રીવેદ-૧) પેહલા અને બીજા ગુણસ્થાનક સુધી બંધ ૨) બીજા ગુણસ્થાનક છેડે બંધ વિરછેદ

નપુંસક વેદ - ૧) પહેલા ગુણસ્થાનકે બંધ ૨) પહેલા ગુણસ્થાનકના છેડે બંધ વિરછેદ

૨) તીર્થંકર નામ કર્મ બંધાવાનું કયા ગુણસ્થાનકે શરૂ થાય ? શા માટે ? **(૧)**

**જ:** ૨) તીર્થંકર નામ કર્મ બંધાવાનું ૪ થા ગુણસ્થાનકથી શરૂ થાય છે. કારણ તીર્થંકર નામ કર્મ બંધનું કારણ સમ્યકત્વ છે. જે ચોથે ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે.

૩) આહારક શરીર બંધાવાનું કયા ગુણસ્થાનકે શરૂ થાય ? શા માટે ? **(૧)**

**જ:** ૩) આહારક શરીર બંધાવાનું સાતમે ગુણસ્થાનકે શરૂ થાય છે. તેનું કારણ અપ્રમત્ત સંયમ છે.

૪) પાંચમા ગુણસ્થાનકે કઈ કઈ ૧૦ પ્રકૃતિનો બંધ ન થાય ? શા માટે ? **(૨)**

**જ:** ૪) પાંચમે ગુણસ્થાનકે ૧૦ પ્રકૃતિનો બંધ ન થાય. તે ૧૦ પ્રકૃતિએનો ચોથા ગુણસ્થાનકને છેડે જ બંધ વિરછેદ થઈ ગયો છે. કારણ પાચમું ગુણસ્થાનક દેશવિરતિ શ્રાવકનું છે. ત્યાં રહેલા મનુષ્ય કે તિર્યંચની ગતિ નિશ્ચય દેવની જ હોય - વળી અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય નથી. ૧૦ પ્રવૃતિઓ મનુષ્ય ત્રિક - ૩, ઔદારિક દ્વિક - ૨, વજ્રઋષભ નારાય સંઘયણ - ૧, અપ્રત્યાખ્યાની - ચાર કષાય કુલ ૧૦

૫) અયોગી કેવળી કેટલી પ્રકૃતિ બાંધે ? શા માટે ? **(૧)**

**જ:** ૫) અયોગી કેવળી એક પણ પ્રકૃતિ ન બાંધે કારણ ત્યાં લેશ્યા અને યોગ બન્નેનો અભાવ હોય છે. ૧૩ માના છેડા સુધી બધી પ્રકૃતિનો બંધવિચ્છેદ થઈ ગયો હોય છે.

૬) માનના ચાર પ્રકાર કયા ? તેનો બંધ વિચ્છેદ કયા ગુણસ્થાનકે થાય ? **(૨)**

**જ:** ૬) માનના ચાર પ્રકાર :- ૧) અનંતાનુ બંધી માન - બીજા ગુણસ્થાનકનો છેડે બંધવિચ્છેદ,
૨) અપ્રત્યાખ્યાની માન - ૪ થા ગુણસ્થાનકનો છેડે બંધવિચ્છેદ
૩) પ્રત્યાખ્યાની માન - પાંચમા ગુણસ્થાનકનો છેડે બંધવિચ્છેદ
૪) સંજ્વલન માન - નવમા ગુણસ્થાનકના ૩જા ભાગને છેડે બંધવિચ્છેદ

૭) મિથ્યાત્વની પ્રત્યયી પ્રકૃતિ એટલે શું ? **(૧)**

**જ:** ૭) મિથ્યાત્વની પ્રત્યયી પ્રકૃતિ એટલે મિથ્યાત્વની હાજરીમા જ બંધાતી પ્રકૃતિ.

## પ્ર.: ૨ આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો : ૫

૧) સંસારી પ્રાણીઓ સાવદ્યક્રિયા શા માટે કરે છે ? **(૨)**

**જ:** ૧) જીવનને માટે, પ્રશંસા માટે, માન-સન્માન તથા પૂજા પ્રતિષ્ઠા માટે જન્મ મરણથી મુક્ત થવાના હેતુથી અને દુ:ખથી મુક્તિ મેળવવા.

૨) આ સંસારમાં નિષ્કામદર્શી કોણ છે ? **(૧)**

**જ:** ૨) જે બાહ્ય અને અંતરંગ કર્મ આવવાના કારણોનું છેદન કરે છે.

૩) સૂત્ર સમજાવો :

ક) જે આસવા તે પરિસવા, જે પરિસ્સવા તે આસવ્વા ! **(૧)**

**જ:** જે આશ્રવ કર્મબંધનું સ્થાન છે, તે જ કર્મનિર્જરાનું સ્થાન છે, જે કર્મબંધ નિર્જરાનું સ્થાન છે. તે જ કર્મબંધનું સ્થાન છે.

ખ) જાઈ સદ્ધાએ નિક્ખંતો, તમેવ અણુપાલિયા વિયાહિતુ વિસોત્તિયં. **(૧)**

**જ:** જે શ્રધ્ધા-નિષ્ઠાથી વૈરાગ્ય ભાવથી દીક્ષા લીધી છે તે જ શ્રધ્ધા સાથે સંયમનું પાલન કરે.

## પ્ર.: ૩ શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : ૧૦

૧) ખાલી જગ્યા પૂરો :
પહેલી નરકનો .......... નામે નરકાવાસ .......... લાખ યોજનનો છે, જ્યારે સાતમી નરકનો .......... નામે નરકાવાસ .......... લાખ યોજનનો છે.

**જ:** ૧) પહેલી નરકનો સીમંતર નામે નરકાવાસ ૪૫ લાખ યોજનનો છે, જ્યારે સાતમી નરકનો અપ્રતિષ્ઠાન નામે નરકાવાસ ૧ લાખ યોજનનો છે.

૨) શ્રમણોપાસક શ્રાવકનો ચોથો વિસામો લખો.

**જ:** ૨) મૃત્યુના અવસરે સંલેખના અંગીકાર કરીને આહાર પાણીનો ત્યાગ કરીને ભક્ત-પ્રત્યાખ્યાન કે પાદપોપગમન સંથારો કરીને મૃત્યુની ઇચ્છા કરીને રહે તે ચોથો વિસામો.

૩) નિર્વેદની કથા કોને કહેવાય ? નિર્યાણ કથાની વ્યાખ્યા સમજાવો.

**જ:** ૩) નિર્વેદની કથા : આ લોક પરલોકમાં પુણ્ય-પાપના ફળ બતાવીને સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળી કથા. નિર્યાણ કથા : રાજાના સામંત સેના આદિ ઐશ્વર્યની કથા

૪) ત્રીજી અને ચોથી અંતક્રિયા માટે કોના કોના ઉદાહરણ આપી શકાય ? આ બંને અંતક્રિયા કેવા જીવો માટે કહેવાય ?

**જ:** ૪) ત્રીજી અંતક્રિયા :- સનત્ કુમાર ચક્રવર્તી - ભારેકર્મી જીવો
ચોથી અંતક્રિયા :- મરુદેવી માતા - હળુકર્મી જીવો

૫) ચાતુર્યામ ધર્મ કોને કહેવાય ? તે કોણે ફરમાવેલ છે ? આ ધર્મ કયા ક્ષેત્રમાં અને કયા તીર્થંકરોના સમયે હોય છે ?

**જ: ૫) ચાતુર્યામ ધર્મ :- ચાર મહાવ્રત રૂપ ધર્મ**
સર્વ પ્રકારના પ્રાણાાતિપાત, મૃષાવાદ, અદત્તા દાન, તથા બાહ્ય વસ્તુ લેવાથી નિવૃત થવું. ભરત ઇરવત ક્ષેત્ર – ૨૨ તીર્થંકરના સમયે હોય છે.

**પ્ર.: ૪ જ્ઞાતા ધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ) ૧૦**

૧) મલ્લીકુંવરીની જન્મનગરીનું નામ અને માતા-પિતાનાં નામ લખો. તેમની માતાને કેટલાં સ્વપ્ન આવ્યાં હતાં ?

**જ: ૧) મિથિલા, કુંભરાજા, પ્રભાવતી દેવી, ૧૪ સ્વપ્ન**

૨) મલ્લીકુંવરીના આગલા ત્રીજા ભવનું નામ અને માતા-પિતાનાં નામ લખો. એ માતાને કેટલાં સ્વપ્ન આવ્યાં ? તેમાં શું થયું ?

**જ: ૨) મહાબલ, બલરાજા, ધારિણીદેવી, ૧ સ્વપ્ન – સિંહ**

૩) પિશાચ શાથી થાકી ગયો ? થાકીને એણે શું કર્યું ?

**જ: ૩) અર્હન્નક શ્રાવકને ત્રણ વાર પ્રયત્ન કરવા છતાં નિર્ગ્રંથ પ્રવચનથી વિચલિત ન કરી શકયો. પછી ધન્યવાદ, ક્ષમાયાચના – બે દિવ્યકુંડળની બે જોડ ભેટ**

૪) મલ્લીકુંવરીએ કયારે, શાને કારણે સ્ત્રીનામ ગોત્ર કર્મનું ઉપાર્જન કર્યું હતું ?

**જ: ૪) કપટના ફળસ્વરૂપે – સ્ત્રીનામગોત્ર**

૫) મલ્લીકુંવરીએ કયા ભવમાં તીર્થંકરનામ કર્મનો બંધ કઈ રીતે કર્યો હતો ?

**જ: ૫) ૨૦ સ્થાનકની આરાધના કરવાથી – તીર્થંકર નામ કર્મ**

૬) મલ્લીકુંવરીના મિત્ર રાજા શાથી દીક્ષા લેવા તૈયાર થયા ?

**જ: ૬) મલ્લીકુંવરી પાસેથી પૂર્વભવનો વૃતાંત સાંભળીને વૈરાગી બની દીક્ષા લેવા તૈયાર થયા.**

**અથવા**

**પ્ર.: ૪ નિરયાવલિકા સૂત્રના આધારે જવાબ લખો : ૧૦**

**અ) કોઈ પણ બેના જવાબ લખો.**

૧) ચેલણા રાણીએ નવજાત કોણિકને ઉકરડે શા માટે નખાવ્યો ? **(૪)**

**જ: ૧) આ બાળકે ગર્ભમાં આવતા પિતાના કલેજાનું માંસ ખાધું છે, તો મોટો થતાં કુળનો અંત કરવાવાળો થાય.**

૨) કોણિક અને વેહલ્લ કોના પુત્રો હતા ? બન્નેનાં નાના કોણ હતાં ? શાને કારણે રથમુસલ સંગ્રામ થયો ? **(૪)**

**જ: ૨) શ્રેણિક અને ચેલણાના – ચેડારાજા – હાર અને હાથીને કારણે**

૩) કોણિકના પક્ષે કુલ કેટલા રાજા હતા ? ચેડા રાજાના પક્ષે કુલ કેટલા રાજા હતા ? **(૪)** બંનેની સેનામાં પાયદલ સૈનિકો કેટલા હતા ?

**જ: ૩) કોણિક + ૯ રાજા – ૩૩ કરોડ, ચેડારાજા + ૧૮ રાજા – ૫૭ કરોડ સૈનિક**

**બ)** શ્રેણિક રાજા નિષ્પ્રાણ કઈ રીતે થઈ ગયા ? તેમણે સ્વયં પ્રાણ શા માટે ત્યાગ્યા ? **(૨)**

**જ: શ્રેણિક મને કુહાડી લઈને આવી રહ્યો છે, ન જાણે કયા મોતથી મારશે ? આ વિચારથી તાલપુર વિષ મોઢામાં મૂકીને પ્રાણ ત્યાગ્યા.**

**પ્ર.: ૫ ક) ઉપાસક દશાંગ તથા અંતકૃત દશાંગના આધારે જવાબ લખો : ૨૦**

**અ)** ૧) ચૂલણી પિતા એ કયા સૂત્રનું કેટલામું અધ્યયન છે ? ચૂલણી પિતાની માતાનું નામ અને પત્નીનું નામ લખો. **(૨)**

**જ:** ૧) ઉપાસક દશાંગનું ત્રીજુ અધ્યયન માતા ભદ્રા સાર્થવાહી - પત્ની શામા

૨) ચૂલણી પિતા પાસે કુલ કેટલી સંપત્તિ હતી ? તેની વિગત જણાવો. **(૨)**

**જ:** ૨) ૨૪ કરોડની સંપત્તિ - ૮ કરોડનું ધન નિધાનનાં રૂપમાં
૮ વજ, ૮૦ હજાર ગાયો, ૮ કરોડ વેપારમાં ઘરવખરીમાં

૩) ચૂલણી પિતા દેવને પકડવા શાથી દોડ્યા ? **(૨)**

**જ:** ૩) દેવે માતાનો વધ કરવાની ધમકી આપી ત્યારે તેને પકડવા દોડ્યા.

**ખ) કોઈ પણ સાત પ્રશ્નોના જવાબ લખો :**

૧) કોણ બોલે છે ? કોને કહે છે ?

૧) હું ધન્ય છું કે મારા ઘરે મુનિ પધાર્યા. **(૧)**

**જ:** દેવકી મુનિઓને કહે છે.

૨) ગજસુકુમાલ અણગારે કઈ રીતે પોતાનું પ્રયોજન સિદ્ધ કર્યું છે ? **(૧)**

**જ:** શ્રીકૃષ્ણ વાસુદેવ - નેમનાથ ભગવાનને

૨) ખાલી જગ્યા પૂરો : .......... નગરના .......... મુનિએ મને કહ્યું હતું કે તું .......... પુત્રને જન્મ આપીશ, જેઓ રૂપમાં .......... સમાન હશે.

**જ:** ૨) પોલાસપુર નગરના અતિમુક્ત મુનિએ મને કહ્યું હતું કે તું આઠ પુત્રને જન્મ આપીશ, જેઓ રૂપમાં નળકુબેર સમાન હશે.

૩) દેવકીના આર્તધ્યાનનું કારણ શું હતું ? **(૨)**

**જ:** ૩) સાત પુત્રોને જન્મ આપવા છતાં કોઈની બાળક્રીડાના આનંદનો અનુભવ નથી.

૪) છએ અણગાર પોતાના જ પુત્ર છે, એ જાણી અત્યંત પ્રસન્ન થયેલી દેવકી માતાનું વર્ણન કરો. **(૨)**

**જ:** ૪) આંખમાં હર્ષના આંસુ, શરીર ફૂલાવાથી કંચુકીનો બંધ તૂટી ગયો. હાથની ચૂડી તંગ થઈ ગઈ, શરીરના બધા રોમ પુલકિત થઈ ગયા.

૫) સુલસા હરિણગમૈષી દેવની ભક્તિ કઈ રીતે કરતી ? **(૨)**

**જ:** ૫) ભીની સાડી પહેરી હરિણગમૈષી દેવની પ્રતિમાની પુષ્પ પૂજા - નમસ્કાર - ત્યાર બાદ જ આહાર નિહાર કાર્ય.

૬) સોમિલે કઈ રીતે ગજસુકુમાલ મુનિને મોક્ષ મેળવવામાં સહાય કરી કહેવાય ? **(૨)**

**જ:** ૬) સોમિલે ગજસુકુમાલના લાખો ભવના સંચિત કરેલાં કર્મોની ઉદીરણા કરી તેને સંપૂર્ણ ક્ષય કરવામાં સહાયતા કરી છે.

૭) સોમિલનું મૃત્યુ કેવી રીતે થયું ? **(૨)**

**જ:** ૭) નેમપ્રભુ પાસેથી ગજસુકુમાલના મૃત્યુની વાત જાણી અને કયા પ્રકારે મોતને ઘાટ ઉતારશે - આમ ભયથી તે ગલીના રસ્તે દોડ્યો. પણ ત્યાં સામે કૃષ્ણને જોઈ ભયભીત બની - આયુષ્ય પૂર્ણ થવાથી પડ્યો અને મૃત્યુને પ્રાપ્ત થયો.

૮) ગજસુકુમાલ મુનિએ સમભાવપૂર્વક વેદના સહન કરી, તેના પરિણામે શું પ્રાપ્ત કર્યું ? ક્રમશઃ વર્ણવો. **(૨)**

**જ:** ૮) સમભાવ પૂર્વક વેદનાના સહેવા - સોમિલ પ્રત્યે દ્વેષભાવ ન આવ્યો, શુભ પરિણામ - શુભ અધ્યવસાયથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, મુક્ત થયો

પ્ર.: ૬ **શ્રી દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો :** **૧૫**

**અ) ગાથા પૂર્ણ કરો : (૬)**

૧) જાઈ મરણાઓ .......... મહિડ્ઢિએ ।

**જ:** ૧) જાઈ મરણાઓ મુચ્ચઈ, ઇત્થંથં ચ ચએઈ સવ્વસો ।
સિદ્ધે વા હવઈ સાસએ, દેવે વાઅપ્પરએ મહિડ્ઢિએ ।।

૨) સિયા હુ સે પાવય .......... હીલણાએ ।

**જ:** ૨) સિયા હુ સે પાવય નો ડહિજ્જા, આસીવિસો વા કુવિઓ ન ભકખે ।
સિયા વિસં હાલહલં ન મારે, ન યાવિ મુકખો ગુરુ હીલણાએ ।।

૩) જહા હિ અગ્ગી .......... સંતો ।

**જ:** ૩) જહા હિ અગ્ગી જલણં નમંસે, નાણાહુઈ મંત પયભિસિત્તં ।
એવાયરિયં ઉવચિટ્ઠઈજ્જા, અણંતણાણો વગઓ વિ સંતો ।।

**બ) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો : (૧+ ૨+૨ +૨+ ૨)**

૧) વિનય અને અવિનયના ગુણદોષ કઈ કઈ ગતિના જીવોના બતાવ્યા છે ?

**જ:** ૧) તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના

૨) આહાર ન મળે ત્યારે ઇચ્છિત આહાર મળે ત્યારે શું કરે તો સાધુ પૂજ્ય બને ?

**જ:** ૨) ખેદ ન કરે, પ્રશંસા ન કરે

૩) કટુ વચનને મહાભયાનક શા માટે કહ્યા છે ?

**જ:** ૩) કટુવચન કાઢવા દુષ્કર, હૃદય વીંધી નાખે, વે રની પરંપરા વધારે નરકાદિ નીચગતિમાં લઈ જીવ મારે.

૪) ત્રીજા ઉદ્દેશાની પંદરમી ગાથામાં સિદ્ધ ગતિ કેવા સાધુ પ્રાપ્ત કરે છે ?
તે બતાવ્યું છે ? તેમજ સિદ્ધ ગતિને કેવી કહી છે ?

**જ:** ૪) જે નિર્ગ્રંથ પ્રવચનમાં નિપુણ હોય, જ્ઞાનમાં કુશળ હોય વિનીત હોય, સાધુનો વિનય કરે, વૈય્યાવચ્ચ કરે તે .સિદ્ધગતિ અનંતજ્ઞાન જ્યોતિથી દેદીપ્યમાન, અતુલ છે.

૫) તપ સમાધિ અને આચાર સમાધિ કયા હેતુથી કરવી જોઈએ ? બન્નેના હેતુ લખો.

**જ:** ૫) તપ સમાધિ :- એકાંત કર્મનિજરાનો હેતુ
આચાર સમાધિ - આશ્રવ રોકવા માટે જ - પૂર્વસંચિત પાપનો ક્ષય કરવા માટે

પ્ર.: ૭ **ભગવતી સૂત્રના આધારે લખો :** **૧૦**

**અ)** ૧) સુકખુ જાગરિકા શ્રાવકને હોય એમ શાથી બતાવ્યું છે ? **(૨)**

**જ:** ૧) કારણ શ્રાવક જ્ઞાનદર્શન સહિત હોય. ધન કુટુંબ આદિ તથા વિષય કષાયને ખોટા જાણી દેશથી નિવર્ત્યા હોય. ઉદયભાવથી ઉદાસીન હોય તથા ત્રણ મનોરથ ચિંતવે છે.

૨) ખાલી જગ્યા પૂરો : **(૩)**

૧) સિદ્ધપણું એ જીવનો .......... છે. વિષય કષાય એ જીવનો .......... છે.

**જ:** ૧) સિદ્ધપણું એ જીવનો સ્વભાવ છે. વિષય કષાય એ જીવનો વિભાવ છે.

૨) ઘરના કામ કરતાં જતના રાખવી તે .......... દયા છે.

**જ:** ૨) ઘરના કામ કરતાં જતના રાખવી તે વ્યવહાર દયા છે.

૩) અષ્ટ પ્રવચન માતા એ આચાર ધર્મના .......... ભેદમાં આવે છે.
જ્યારે ૧૨ પ્રકારના તપ એ આચાર ધર્મના .......... ભેદમાં આવે છે.

**જ:** ૩) અષ્ટ પ્રવચન માતા એ આચાર ધર્મના ચારિત્રાચાર ભેદમાં આવે છે.
જ્યારે ૧૨ પ્રકારના તપ એ આચાર ધર્મના તપાચાર ભેદમાં આવે છે.

૪) ઉત્તરાધ્યયન સૂત્રના સાતમા અધ્યયનમાં બોકડાના દષ્ટાંતે ........ દયા બતાવી છે.

**જ:** ૪) ઉત્તરાધ્યયન સૂત્રના સાતમા અધ્યયનમાં બોકડાના દષ્ટાંતે સ્વરૂપ દયા બતાવી છે.

**બ)** ૧) આત્મા કેવા હોય - તે બતાવતી કોઈ પણ બે બાબત લખો. **(૨)**

**જ:** ૧) જેના પ્રદેશે પ્રદેશે જ્ઞાન-દર્શન ગુણ રહેલા હોય
જે ચૈતન્ય લક્ષણ યુક્ત હોય ...... આદિ

૨) કષાય અને યોગ આત્મા એ બેમાંથી વધુ કયા આત્મા ? **(૨)**
બન્નેના ગુણસ્થાનક કયા ?

**જ:** ૨) યોગ આત્મા વધુ - કષાય આત્મા ૧ થી ૧૦ ગુણસ્થાનક, યોગ આત્મા ૧ થી ૧૩ ગુણસ્થાનક

૩) ચારે ગતિના જીવોને કેટલા આત્મા હોય ? **(૧)**

**જ:** ૩) મનુષ્ય ગતિમાં ૮ આત્મા. બાકીની ત્રણ ગતિમાં ૭ આત્મા, ચારિત્ર આત્મા છોડીને

**પ્ર.:૮ પ્રજ્ઞાપના સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૧૦**

**અ)** ૧) શીત આદિ ત્રણ યોનિ કઈ કઈ નરકમાં હોય ? ત્યાં વેદના કઈ હોય ? **(૩)**

**જ:** ૧) ૧ થી ૩ નરકમાં શીતયોનિયા. ૪ થી નરકે શીત યોનિવાળા ઘણા, ઉષ્ણ યોનિવાળા થોડા. ૫ મી નરકે ઉષ્ણયોનિયા ઘણા, શીત યોનિયા થોડા. ૬-૭ નરકે ઉષ્ણ - મહા ઉષ્ણ યોનિયા. જે દરેકમાં જે યોનિ છે તેથી વિરુધ્ધ વેદના

૨) ૧) સંવુડા યોનિ એટલે શું ? તે કોને હોય ? **(૧)**

**જ:** ૧) સંવુડા યોનિ - સંવૃત્ત ઢાંકેલી - પાંચ સ્થાવર, દેવતા - નારકીમાં

૨) શંખાવર્ત યોનિ એટલે શું ? તે કોને હોય ? **(૧)**

**જ:** ૨) શંખાવર્ત યોનિ - શંખના આવર્તની જેમ વળેલી યોનિ - ચક્રવર્તીના સ્ત્રીરત્નને હોય.

**ખ)** ૧) કયા જીવોના અપર્યાપ્તા અને પર્યાપ્તાના ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન સંપૂર્ણ લોકમાં હોય ?

**જ:** ૧) પાંચે સૂક્ષ્મ સ્થાવર જીવોના.

૨) ઉપપાત કોને કહેવાય ? સ્વસ્થાન કોને કહેવાય ? **(૧)**

**જ:** ૨) ઉપપાત - વાટે વહેતા જીવ. સ્વસ્થાન - શરીરસ્થ રહેવું તે જયારે ઉપપાત, સમુદ્ઘાત આદિ અવસ્થા ન હોય તે.

૩) પર્યાપ્તા બાદર તેઉકાયના-ઉપપાત, સમુદ્ઘાત, સ્વસ્થાન લખો. **(૧)**

**જ:** ૩) લોકનો અસંખ્યાતમો ભાગ, લોકનો અસંખ્યાતમો ભાગ, મનુષ્ય લોક.

૪) મનુષ્ય સંપૂર્ણ લોકમાં કયારે હોય ? **(૧)**

**જ:** ૪) કેવળ સમુદ્ઘાત કરે ત્યારે.

૫) પર્યાપ્તા-અપર્યાપ્તા બાદર વનસ્પતિ કાયનું સ્વસ્થાન લખો. **(૧)**

**જ:** ૫) લોકના અસંખ્યાતમાં ભાગમાં.

|| જય જિનેન્દ્ર ||